ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૮-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

પહેલો ઘા રાણાનો

જેમ જેમ ૨૦૧૪નું નિર્ણાયક ચૂંટણીવર્ષ નજીક આવતું જાય છે તેમ તેમ ભાજપમાં નરેન્દ્ર મોદીનું કદ વધતું જાય છે. સંઘ પરિવારના સંપૂર્ણ ટેકાનો ખુલાસો થઈ ગયેલ હોઈ ભારતીય જનતા પાર્ટીનાં પ્રાદેશિક એકમો એક મુદ્દે નિશ્ચિત છે કે મોદીને ખુલ્લો સહયોગ જાહેર કરવામાં હાઈકમાંડ નામની કોઈ અડચણ નડવાની નથી. હકીકતમાં ભાજપમાં હવે હાઈકમાંડ જેવું કશું રહ્યું જ નથી. હાઈકમાંડ નામના મગતરાને મોદીએ એમના સેન્ડલ તળે બેરહેમીપૂર્વક મસળી નાખ્યું છે. હવે ભાજપમાં અડવાણી, સુષમા કે રાજનાથ સહિતના કોઈપણ નેતાને તમે શોભાના ગાંઠિયા ગણી શકો કારણ કે આખો પક્ષ નરેન્દ્ર મોદીના ખિસ્સામાં છે. જે સ્થિતિ કોંગ્રેસની હતી તે ભાજપની બની રહી છે. કોંગ્રેસમાં જેમ સત્તાનું એક માત્ર કેન્દ્ર ઈંદિરા ગાંધી અને એમના વંશજો રહ્યા છે તેમ હાલપૂરતું ભાજપ એક જ નેતાના નામે ઓળખાય છે. કમ સે કમ ગુજરાત એ મુદ્દે ગર્વ લઈ શકે કે તે નેતા ગુજરાતી છે અને ગુજરાત મોડલના નામે એમણે દેશ અને દુનિયામાં આગવી પ્રતિષ્ઠા હાંસલ કરી છે. બનવાજોગ કે આ પ્રતિષ્ઠાનો પરપોટો ૨૦૧૪ની ચૂંટણીનાં પરિણામોના દિવસે ફૂટી પણ જાય, પરંતુ ત્યાં સુધી તો યમુનામાં અને સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયાં હશે. મોદી આક્રમક બનવામાં માને છે. કોંગ્રેસ અને નીતીશ જેવા દુશ્મનો સહિત ભાજપના પ્રતિસ્પર્ધીઓને સંરક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દેવા માટે તેઓ 'પહેલો ઘા રાણાનો' વાળી વ્યૂહરચના અપનાવતા રહ્યા છે. મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવા માટે બિહારના પ્રદેશ એકમે ઠરાવ કરીને પહેલ કરી છે તે એક રીતે એમની વ્યૂહરચનાનો માસ્ટર સ્ટ્રોક છે. જે બિહાર ભાજપના નેતાઓ એમને આજપર્યંત થયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર માટે બોલાવવાની હિંમત નહોતા કરી શકતા એ બધાએ સર્વસંમતિથી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર ઘોષિત કરવાનો ઠરાવ કરી ભાજપના કહેવાતા ધુરંધરોની બોલતી બંધ કરી દીધી છે. ક્યારેક ખુદ લાલકૃષ્ણ અડવાણી અને સુષમા સ્વરાજ બિહાર જઈ જદ(યુ)ના નેતા અને બિહારના મહત્ત્વાકાંક્ષી વિકાસ પુરુષ- નીતીશ કુમારની પ્રશંસાના પુલ બાંધતાં રહેતાં. ભૂલથી પણ નરેન્દ્ર મોદીનું નામ ન લેવાઈ જાય એની કાળજી રાખતાં. હવે સમય બદલાયો છે. નીતીશ કુમારે ભાજપ સાથે છેડો ફાડી દીધો છે. અને નવાં સમીકરણો બનાવવા ઉજાગરા કરી રહ્યા છે. એકલા પડી ગયેલા જદ(યુ)ના વિકાસ પુરુષને એમના જમણા હાથ ગણાતા પૂર્વ ઉપ મુખ્યમંત્રી સુશીલ મોદી હવે નરેન્દ્ર મોદી પ્રત્યે નિષ્ઠા દર્શાવી પડકારી રહ્યા છે, એટલું જ નહીં મોદીને નાલંદામાંથી ચૂંટણી લડવાનું ભાવભીનું નોતરું પણ મળી ચૂક્યું છે. લાલુ યાદવના સાળા સાધુ યાદવ સામા પગલે ગાંધીનગર આવીને મોદીની મુલાકાત લઈ ગયા એથી કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે. દબંગ સાધુ યાદવે બનેવીની સાથે વાંકું પડતાં કોંગ્રેસનો પાલવ પકડયો હતો, જ્યાં એમને વિશેષ વજૂદ ન મળતાં હવે તેઓ પ્રદેશ ભાજપની નામરજી છતાં મોદીજીના આશીર્વાદથી ભાજપમાં પ્રવેશી એકી સાથે કોંગ્રેસ, રાજ અને જદ(યુ)ને પડકારશે. એવી જ એક બીજી જાણીતી હસ્તી છે મનોજ તિવારી. ભોજપુરી ફિલ્મોના સદાબહાર અભિનેતા અને લોકગાયક મનોજ તિવારી કચકડાની દુનિયાનું મોટું માથું છે. શત્રુઘ્ન સિન્હા જેવી ફૂટી ગયેલી તોપ સામે ભિડાવવા માટે નરેન્દ્ર મોદી આ હણહણતા વછેરાને મેદાનમાં ઉતારે તો નવાઈ નહીં. મોદી એક પછી એક સોગઠાં ગોઠવતા જાય છે જેમાં સૌથી વધારે ધ્યાન એમણે સોશિયલ મીડિયા પ્રત્યે આપ્યું છે. અરુણ જેટલીએ પાર્ટીના મીડિયા વિશેના પરિસંવાદમાં કહ્યું હતું કે મીડિયા આપણી હારનું કારણ પણ બની શકે. મોદી હારવાનું શીખ્યા નથી. એ બધાને ખરીદી શકાય એવી વેચાઉ ચીજવસ્તુ 'પરચેઝેબલ કૉમોડિટી' માને છે. મીડિયાને ગજવે ઘાલવાનો કીમિયો એમને હાથવગો અને હોઠવગો છે. આ બધાનો સરવાળો છે મોદીનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ, જેને કારણે ક્યારેક બ્રિટન તરફથી તો ક્યારેક ઑસ્ટ્રેલિયા તરફથી એમને નિમંત્રણો મળતાં રહે છે. ખાટલે મોટી ખોડ એક માત્ર અમેરિકાના વિઝાવાળી છે. સમય જતાં એનો પણ ઘડોલાડવો થઈ જશે!

નગરમાં ૬૭મું સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર અને તેની આસપાસની શાળાઓ, સંસ્થાઓ દ્વારા ૧૫મી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ સ્વાતંત્ર્ય દિન ખૂબ જ હર્ષોલ્લાસ અને વિવિધ દેશભક્તિ ગીતો, કાર્યક્રમો રજૂ કરીને ઉજવાયો હતો. શાળાઓ અને સંસ્થાઓણાં બાળકો દ્વારા સુંદર દેશભક્તિ કાર્યક્રમો રજૂ થયા હતા.

● ગુજરાત ક્રિશ્ચિયન વેલફેર એસોસિએશન

આપણા ભારત દેશના ૬૭મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ગુજરાત ક્રિશ્ચિયન વેલફેર એસોસિએશનના

ઉપક્રમે ગાંધીનગરની ખ્રિસ્તી મંડળીઓનો સામુહિક ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આઈ.એ.એસ. અધિકારી અને આઈ.સી.ડી.એસ.ના ડાયરેક્ટર વિક્ટર મેકવાન ખાસ હાજર રહ્યા હતા અને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. શ્રીમતી રોજીલીન મેકવાનના હસ્તે આ પ્રસંગે કોમી એકતા સંદેશાના ફુગ્ગાઓ છોડાયા હતા.

● ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેક્ટર-૨૪/૧ની પ્રાથમિક શાળામાં ડૉ. મયુરભાઈ જોષીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. સ્વાતંત્ર્ય દિન નિમિત્તે બાળકોને નોટ, પેન્શિલ, રબર, સંચો અપાયા હતા. બાળકોએ વંદે માતરમ્ ગીત પર ડાન્સ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ટ્રસ્ટી ડૉ. મયૂરભાઈ જોષી, કોઓર્ડિનેટર રજનીકાન્ત સુથાર, પરમજીત છાબડા, કુમુદબેન હાજર રહ્યા હતા.

● એ.આર. પટેલ હાઈસ્કૂલ

અમિધારા આશ્રમ શાળા અને એ.આર. પટેલ હાઈસ્કૂલ મુ. રાજપુર, તા. જિ. ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સંત શિરોમણી શાસ્ત્રીશ્રી વિજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી સ્વામીનારાયણ મંદિર મણીનગર અમદાવાદના વરદ હસ્તે ૬૭માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ ઉજવાયો હતો. અતિથઈ વિશેષ તરીકે જ્ઞાનસાગર દાસજી સ્વામી શ્રીજી ભુષણદાસજી સ્વામી અને જે.બી. સોલંકી સ્વામીનારાયણ મંદિર, મણીનગર, અમદાવાદનાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાળકોએ રાષ્ટ્રીય ગીત, સ્વાગત ગીત, વેશભૂષા, દેશની આઝાદીમાં શહીદવીરોની ફાંસી વિગેરે કાર્યક્રમો આપી સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવમી કરી હતી. પ્રમુખ હરીપ્રસાદ એ. પટેલે સંસ્થાની રૂપરેખા આપી હતી સંત શિરોમણી શાસ્ત્રીજી વિજ્ઞાનપ્રકાશ દાસજી સ્વામીના વરદ હસ્તે લપસણી, બે સીટ ઝુલા, હેરી જેન્ટલ બેડર, બે સીટ ઉપ્યાલન તેમજ સ્કૂલ બેગો આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આભારવિધિ જે.બી. સોલંકી સ્વામીનારાયણ મંદિર મણીનગર, અમદાવાદના હસ્તે કરવામાંઆવ્યુંહતું.

● સી.એમ. હાઈસ્કૂલ

ગાંધીનગરની શેઠ સી.એમ. હાઈસ્કૂલ, એમ.બી. પટેલ, સ્કૂલ, જે.બી. પ્રાથમિક શાળા અને વી.એમ. કુમાર બાલ મંદિરના સંયુક્ત ઉપક્રમે એમ.બી. પટેલ હાઈસ્કૂલ મેદાનમાં ૬૭મો સ્વાતંત્ર્ય દિન ઉજવાયો. આ પ્રસંગે નર્સિંગ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર રમેશભાઈ વ્યાસ, એ.એ. પટેલ કોમર્સ કોલેજના આચાર્ય જયેન્દ્રભાઈ વ્યાસ, કુસુમબેન યાદવ, શાળાઓના આચાર્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાનના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી અપાઈ હતી. બાળકો દ્વારા રાષ્ટ્રભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો.

● જૈન સોશ્યલ ગ્રુપ

જૈન સોશ્યલ ગ્રુપ, ગાંધીનગરના ૧૫૦ થી વધુ સભ્યોએ ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી વિકલાંગ પુનઃવસન કેન્દ્ર, ઉવારસદના ૧૮૦ જેટલા વિકલાંગ બાળકો સાથે કરી હતી. ગ્રુપના સભ્યોનું વિકલાંગ બાળકોએ શાનદાર સ્વાગત કર્યુ હતું. સંસ્થાના પ્રાંગણમાં ગ્રુપના પ્રમુખ આર.ડી. ગાંધીએ ધ્વજવંદન કર્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી જૈન સોશ્યલ ગ્રુપના ૧૫૦ થી વધુ સભ્યો, સંસ્થાના તમામ કર્મચારીઓ, ભારત વિકાસ પરિષદના હોદ્દેદારો તથઆ અગ્રણી વિશિષ્ઠ સવિકલાંગ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ યોજાયેલા કાર્યક્રમમાં જૈન સોશ્યલ ગ્રુપ તરફથી ટ્રસ્ટીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૈન સોશ્યલ ગ્રુપ, તરફથી સંસ્થઆને રૂ. ૫૧,૧૧૧ ની સખાવતનો ચેક સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અર્પણ કરવામાં આવ્યો હતો. સંસ્થાને રૂ. ૧૧,૧૧૧ પુનીતધામ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી પ.પૂ. પન્યાસ શ્રી પ્રસન્નકીર્તિ મહારાજ સાહેબના આશીર્વચન સાથે આપવામાં આવ્યા હતા. ન્યુ હરિહંત, સેક્ટર-૨૧ તરફથી વિકલાંગ બાળકોને શર્ટ/હાફપેન્ટ તથા નિરમા કંપની તરફથી ૪૦૦ નંગ નહાવા/ધોવાના સાબુ ભેટ આપવામાં આવ્યા હતા. સંસ્થાના બાળકોએ શૌર્યગીતો તથા અન્ય કાર્યક્રમો રજુ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

● વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ

વેદ ઈન્ટરનેશનલ સંસ્થા સરગાસણ, ગાંધીનગરમાં શાળાના પટાંગણમાં ૧૫મી ઓગષ્ટનો કાર્યક્રમ મહેમાન ચિમનભાઈ પટેલના વરદ હસ્તે મનાવવામાં આવ્યો હતો. ધ્વજવંદન બાદ દેશભક્તિ ગીત સ્પર્ધા ગાનની સ્પર્ધા રાખવામાં આવી હતી. તેમાં ૧૭

સાહેબ મારે કોઈ ટુંડા સાથે સંબંધ નથી... અને પાકિસ્તાનથી ડુંગળી મંગાવી નથી, આતો દર રક્ષાબંધને મારી બહેન કિમતી ગીફ્ટ માંગે છે એટલે...

કડીની રામભાઈ પટેલ કોલેજમાં રાખડી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પીટીસી કોલેજમાં ગત રોજ લાયન્સ કલબ ઓફ કડી દ્વારા રાખડી સ્પર્ધા યોજવામાં આવી હતી.

લાયન્સ કલબ ઓફ કડી તેમજ ડૉ. રામભાઈ એમ. પટેલ પીટીસી કોલેજમાં યોજાયેલી રાખડી સ્પર્ધામાં તાલીમાર્થી ભાઈઓ બહેનો દ્વારા ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સર્જનાત્મક શકિતથી સ્વનિર્મિત રાખડી સર્જન કરી પ્રદર્શિત કરી હતી. આ પ્રસંગે પધારેલ મહેમાનોનું સ્વાગત અને પરિચય વિધિ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે કરી હતી. લાયન્સના પ્રમુખ ડૉ. ચંદ્રસિંહ ગોહેલે મંત્રી ડૉ. વિષ્ણુભાઈ પ્રજાપતિ, શીલાબેન ગોહેલ, જયેન્દ્રભાઈ, હંસાબેન પટેલ કે જેઓએ સર્જનાત્મક રાખડીઓનું મૂલ્યાંકન કરી નંબર આપ્યા હતા. તેમજ ડૉ. ચંદ્રસિંહ ગોહેલ દ્વારા દરેક પ્રશિક્ષણાર્થીને કેલક્યુલેટર આપી પ્રોત્સાહિત કર્યા અને તાલીમાર્થીઓની કલાને બિરદાવી હતી જેમાં પ્રથમ નંબરે પરમાર મીનાબેન આર., બીજા નંબરે ચૌધરી કિંજલબેન અને પટેલ મિનાબેન બી., તૃતીય નંબરે પટેલ બિન્દુબેન અને પરમાર સંગીતાબેને સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કાર્યક્રમને અંતે રક્ષાબંધનને અનુરુપ ગીત ગાઈને કાર્યક્રમ પૂર્ણ થયો હતો. રાજેન્દ્રભાઈ પટેલે આભારવિધિ તેમજ કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ધર્મિષ્ઠાબેને કર્યું હતું.

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્નેહ દેસાઈનો પેરેન્ટીંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ઈન્ફર્મેશન ટેકનોલોજીના સમયમાં શૈક્ષણિક ટેકનિકોના પ્રોગ્રામનું આયોજન કરવામાં પ્રથમ એવી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ, રાંધેજા વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન 'માઈન્ડ પાવર', 'મેમરી પાવર', 'ડાયનેમિક મેમરી પાવર વર્કશોપ' જેવા શૈક્ષણિક સેમિનારોના આયોજનથી ડૉ. સ્નેહ હાઉસના તેજસ્વી ટ્રેઈનરો વડે ખુદ પ્રેરણાદાયી વિદ્યાર્થીઓ તૈયાર થયા છે. શિક્ષણના પંથમાં અધ વચ્ચે પહોંચેલા વિદ્યાર્થીને (સંતાનોને) સાચી દિશા આપે તેવા પ્રેરણાદાયી માતા પિતા બને તેવો કાર્યક્રમ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. દરેક માતાપિતાને તેમના સંતાનોના શૈક્ષણિક ભવિષ્યની ચિંતામાં હળવાશનો અનુભવ આ કાર્યક્રમ દ્વારા થયો હતો.

સમગ્ર ગાંધીનગર પબ્લિક સ્કૂલના વાલીઓ સિવાય પાટનગર ગાંધીનગરના વાલીઓ તથા ગાંધીનગર પબ્લીક સ્કૂલની બાયડ બ્રાન્ચના પણ વાલીઓએ રસપૂર્વક, ઉત્સાહભેર કાર્યક્રમ નિહાળ્યો હતો અને પ્રશંસનીય રીતે આભાર વ્યકત કર્યો હતો. ડૉ. સ્નેહ દેસાઈ અને ડૉ. સ્નેહ હાઉસના ટ્રેઈનરો વગેરેનો શાળાએ ખૂબ જ આભાર વ્યકત કર્યો હતો. આદર્શ માતાપિતા બનવા માટે અધધ એવા સાઠ મુદ્દાઓની ડૉ. સ્નેહ દેસાઈએ ખૂબ અભ્યાસપૂર્ણ અને રસમય શૈલીમાં રજૂઆત કરી હતી.

માણસા સર્વોદય છાત્રાલયમાં શિક્ષણ શિબિર યોજાઈ

શ્રી સર્વોદય છાત્રાલય માણસા ખાતે સમાજ શિક્ષણ શિબિરનું હરિજન સેવક સંઘના પ્રમુખ જયેશભાઈ પટેલના પ્રમુખ સ્થાને આયોજન થઈ ગયું.

અનુસૂચિત જાતિના કલ્યાણના ઉપક્રમે આપવામાં આવતી વિવિધલક્ષી શૈક્ષણિક, આર્થિક, ઉત્કર્ષ અને કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવા તથા સમાજના પ્રશ્નોને વાચા આપવા સમાજ શિક્ષણ શિબિર અને સેમિનાર યોજાઈ ગયો. આ પ્રસંગે નિવૃત્ત આઈ.એ.એસ. એચ.બી. વરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને જરુરી માર્ગદર્શન આપ્યું હતું. સરકારના નિવૃત્ત નાયબ નિયામક અ.જા. પી.બી. શ્રીમાળી અને સમાજ અગ્રણીઓ, નિવૃત્ત અધિકારી શાંતિલાલ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ ખાતે 'યુવા શિબિર' ઊજવાઈ

ગાંધીનગર, તા.૧૮

અશ્વનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને અરવિંદ કેન્દ્ર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તારીખ ૧૦-૮-૨૦૧૩ને શનિવારનાં રોજ 'યુવા શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કોલેજનાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો કોલેજનાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા શ્રી અરવિંદનાં જીવન, સર્વાંગી શિક્ષણ, માતા પિતાની વિદ્યાર્થી પ્રત્યેની ફરજો, જીવન જીવવાની કળા અને વિદ્યાર્થીનાં કર્તવ્ય જેવા સાંપ્રત વિષયો પર સુંદર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું અરવિંદ કેન્દ્ર ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. તન્ના સાહેબ દ્વારા અને ચિલ્ડ્રન યુનિ.ના કો ઓર્ડીનેટર પ્રા. જયોતિબેન થાનકી દ્વારા વિદ્યાર્થીઓને શ્રી અરવિંદના જીવનદર્શન પર સુંદર વકતવ્ય આપવામાં આવ્યું હતું. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શ્રી અરવિંદ કેન્દ્ર તરફથી શ્રી માતાજીની પ્રતિમા અને શ્રી અરવિંદનું સાહિત્ય ભેટ આપવામાં આવ્યું હતું. પ્રા. કૃપાબેન ભટ્ટ અને પ્રા. જયેન્દ્રસિંહ જાદવે કાર્યક્રમના સંયોજક તરીકે જવાબદારી નિભાવી હતી.

શિશુવિહાર દ્વારા કન્યા કેળવણી સહાય

શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી માનભાઈ ભટ્ટ ની ૧૦પમી જન્મજયંતિ પ્રસંગે ભાવનગર શહેરની ૭ કન્યા શાળા તથા ૩ મહિલા કોલેજોની ૧૪૬ બહેનોને શિક્ષણ ફી સહાય આપવામાં આવશે.

ભાવનગર રાજયનાં સમયથી પ્રારંભાએલ કન્યા કેળવણીનાં વિકાસની પ્રક્રિયાને શિશુવિહાર સંસ્થાએ જાળવી રાખી માનભાઈ ભટ્ટની જન્મજયંતિ પ્રસંગે રૂ. ૧.૧૪ લાખની વિદ્યોત્તેજક સહાય બહેનોને અપાશે. ધોરણ૧૦-૧૨ અને ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટના વર્ષમાં બહેનો શિક્ષણ કાર્ય સાથે જોડાઈ રહે તેવા ઉદ્દેશથી પ્રતિવર્ષ યોજાતાં કાર્યક્રમ અંતર્ગત શ્રોફ ફેમિલી ટ્રસ્ટનાં સહકારથી ૧૫ બહેનોને રોજગારલક્ષી સાધન સહાયનું વિતરણ થશે.

દેશનાં અગ્રગણ્ય ઉદ્યોગ ગૃહ એકસેલ કોપ કેરનાં ડીરેટર શ્રી ઉષાબેન શ્રોફ ની અધ્યક્ષતામાં યોજાનાર કાર્યક્રમ પ્રસંગે જાણીતી શૈક્ષણિક સંસ્થા ગાંધી મહેન્દ્ર ચત્રભુજ ટ્રસ્ટ મુંબઈના અધ્યક્ષશ્રી રજનીભાઈ ગાંધી તથા રાષ્ટ્રીય કક્ષાએ અનેક પદકોથી સન્માનિત વિદ્યાર્થીની શ્રી રાધાબેન મહેતા ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને જીવન વિકાસલક્ષી માર્ગદર્શન તથા પ્રેરક સાહિત્ય અપાશે. ભાવનગરનાં કન્યા કેળવણીનાં ક્ષેત્રમાં અગ્રેસર સ્વૈચ્છિક સંસ્થાઓનાં પ્રયત્નમાં સામેલ થવા નાગરિકોને નિમંત્રણ છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ બાસ્કેટબોલ અંડર-૧૯માં વિજેતા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા આયોજિત શાળાકીય બાસ્કેટબોલ અંડર-૧૯ સ્પર્ધામાં જિલ્લાની ૭ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર પબ્લીક હાઈસ્કૂલ રાંધેજાના વિદ્યાર્થીઓએ ફાઈનલ મેચમાં ૩૦ શૂટ મારીને જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. જે બદલ જી.આઈ.પી.એસ. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ રંજનબેન વૈદ્ય તેમજ ટ્રસ્ટી રાજુભાઈ ચૌધરી, અરવિંદભાઈ શાહે બિરદાવ્યા હતા. અને રમત-ગમત ક્ષેત્રમાં આગળ વધે તેવા આશિર્વાદ આપ્યા હતા.

માત્ર આર્થિક પરિસ્થિતિને કારણે અનેકવાર લગ્નવિષયક સમસ્યા સર્જાય છે

મહિલા સમાજ અને કાયદો - અંક-૬

- ડૉ. ભાવના કે. જોશીપુરા

માલા મહેશના કેસ સંદર્ભે આપણે ગતુ અંકમાં વાત કરી રહ્યા હતા. સાથે સાથે ભરણપોષણનો કેસ જો પતિ દાખલ કરે અને પતિ ભાગતો ફરે તેવા સંજોગોમાં હાથોહાથ નોટીસનો બીડો કેવી રીતે બજાવી શકાય એ બાબતે ચર્ચા કરી રહ્યા હતા.

માલા નોટીસનો હાથોહાથનો બીડો લઈ મુંબઈ પહોંચી જાય છે. મહેશને ખબર પડી જાય છે કે માલા હાથોહાથ નોટીસ લઈને મુંબઈ આવી છે. મહેશ નોકરીના સ્થળ પર હાજર થતો નથી. માલા મહેશ સાથે જ ફલેટમાં મુંબઈ રહેતી હતી ત્યાં પણ તપાસ કરવા જાય અને મહેશ બાબતે જાણકારી મેળવે છે.

મહેશ બોટાદ ગામનો વતની છે અને નાનપણમાં પિતા મૃત્યુ પામેલા. ગામના કોઈ આગેવાન મુંબઈથી આવેલા અને પોતાના ઘરે કામ કરવા અને ભણાવવા મહેશને મુંબઈ લઈ ગયા. મહેશની માતા અને બહેન બોટાદ રહેતા. મહેશની માતા નાના મોટા કામ કરીને ગુજરાન ચલાવતા અને તેમાં મુંબઈવાળા શેઠ મહેશને લઈ જવાની વાત કરી તેનાથી રાજી થયા. માતાને એમ થાય છે કે શેઠનાં ઘેર બે ટંક ભોજન તો દીકરાને મળશે ને? ખેર! મહેશની નાનપણની વાત લખવાનો સમય નથી પરંતુ કહેવાનો અર્થ એ છે કે મહેશની માતાની આર્થિક પરિસ્થિતિ અને આર્થિક મજબૂરીને કારણે નાનપણમાં મહેશ માતાથી જુદો પડી જાય છે.

નાનપણથી કામકાજની ટેવ અને ચોક્કસતાને કારણે શેઠનાં હૃદયમાં સ્થાન મેળવી લે છે. શેઠાણીનો પણ પ્રિય થઈ જાય છે. શેઠ-શેઠાણી પોતાના દીકરાની જેમ જ મહેશનો ઉછેર કરે છે. ૧૩-૧૪ વર્ષની ઉંમરથી મહેશ માતા માતાને દર મહિને રૂપિયા એક હજાર મોકલાવે છે. સમય જતા બહેનનાં લગ્ન થાય છે. શેઠ મદદરૂપ થાય છે. શેઠને પણ ધંધામાં વિશ્વાસુ માણસની જરૂર છે. મહેશને હીરાના ધંધામાં ફાવટ આવતી જાય છે.

મહેશ યુવાન થતા અને સમય જતા શેઠ સાથે ધંધામાં સેટલ થતો જાય છે. માલા પણ ગરીબ ઘરની દીકરી અને મહેશ તો પોતે જ ગરીબાઈમાં મોટો થયેલ છે તેથી માલાના કુટુંબની ગરીબાઈનો વાંધો નથી. માલા-મહેશનાં લગ્ન થતાં માલા-મહેશ પોતાનો અલગ ફલેટ લઈને લગ્નજીવન શરૂ કરે છે.

મહેશ શેઠથી જુદુ પણ પોતાનું કામ શરૂ કરે છે અને મહેશને ધંધામાં ન ધારેલી ખોટ આવે છે. મહેશને ધંધામાં ખોટ આવતા માલાને કહે છે કે માલા થોડા દિવસ પિયર જાય તો થોડા સમયમાં મહેનત કરીને મહેશ પાછો આર્થિક પગભર થઈ શકે. માલા આ બાબતે સંમય થાય છે અને મહેશ માલા તથા બાળકને માલાના પિતાને ત્યાં થોડો સમય રહેવા મુકી આવે છે.

મહેશ પોતાના ધાર્યા મુજબ થોડા સમયમાં આર્થિક પગભર થઈ શકતો નથી. ઉલ્ટું માલા વગર અને પુત્ર વગર જીવન પણ એકલવાયું લાગે છે. 'મુશ્કેલી ભરી સ્થિતિમાં ઉતાવળે લીધા નિર્ણયો જિંદગીમાં આકરા પૂરવાર થતા હોય છે' મહેશ ફલેટનાં હપ્તા પણ ભરી શકતો નથી અને અંતે ફલેટ ખાલી કરી દેવો પડે છે.માલાને આ બાબતે જાણ પણ કરી શકતો નથી.

માલાને મહેશ તરફથી કોઈ સમાચાર આવતા નથી અને વાતોવાતથી મહેશ બાબતે અને ફલેટ ખાલી કરવા બાબતે જાણ થાય છે. માલા આ બધી બાબત અંગે પોતાના પિતાના પિતાને વાકેફ કરે છે. માલાના પિતા પણ મહેશનો સંપર્ક કરવા કોશિષ કરે છે. મહેશનો સંપર્ક થઈ શકતો નથી અને તેથી થાકી-હારી કંટાળીને માલા કોર્ટે કાર્યવાહી કરે છે. સંવાદનો અભાવ અને અનેક પ્રશ્નો સર્જે છે, અરે! કેટલીકવાર વિવાદનું મૂળ જ યોગ્ય સંવાદનાં અભાવે સર્જાય છે.

સામાજિક દૃષ્ટિએ જોઈએ તો માલા અને મહેશનાં લગ્નજીવનની તકરાર અદાલતમાં છે પરંતુ મહેશ તરફથી કોઈ દેખિતો ત્રાસ માલાને આપવામાં આવેલ નથી. માત્ર આર્થિક પરિસ્થિતિને કારણે અનેકવાર લગ્નવિષયક સમસ્યા સર્જાય છે. માલાએ પણ મહેશનાં સગડ મેળવવા જ અદાલતમાં ભરણપોષણની અરજી દાખલ કરી છે. માલાને ખબર છે કે મહેશ પાયમાલ થઈ ગયેલ છે તેની પાસેથી કોઈ પણ પ્રકારની આર્થિક મદદ મળી શકે તેમ નથી. ખેર! આપણે પાછા હાથોહાથનો બીડો લઈને માલા મુંબઈ પહોંચી છે તે બાબત પણ આવીએ તો.

માલાને મહેશ પાસેથી ભરણપોષણનો હુકમ લેવા કરતા મહેશને શોધવામાં રસ છે. વળી માલા અને પુત્રની મહેશની જવાબદારી પણ ખરી ને! માલા જયારે મુંબઈ પહોંચે છે તે દિવસે મહેશ ઓફિસે આવતો નથી. માલા રહેણાંકના ફલેટ પર તપાસ કરવા જાય છે તો ખબર પડે છે કે ફલેટ તો વેચાઈ ગયો છે હવે શું કરવું?

માલાને ખબર છે કે લગ્ન પહેલા પણ મહેશ શેઠની દુકાન સાચવતા શેઠની ઓફીસ પર જ સૂઈ રહેતો તેથી માલા મુંબઈ રોકાઈ જાય છે. માલા રાત્રિના સમયે પોલીસને લઈને મહેશની ઓફિસમાં સ્થળે જાય છે. રાત્રિનાં સમયે ખરેખર મહેશ ઓફિસે સૂવા આવે છે અને પોલીસ અધિકારી માલાએ કરેલ કેસ સંદર્ભેની નોટીસ મહેશને બજાવવામાં સફળ રહે છે.

નોટીસ બજાવતા બાબતે અનેક મુદ્દાઓ અગત્યના જેમ કે,

(૧) જે વ્યક્તિને નોટીસ બજાવતાની છે તે જે જગ્યાએ રહેતી હોય તે જગ્યાની હકૂમતનાં પોલીસ સ્ટેશનની માહિતી રાખવી જોઈએ.

(૨) જો યોગ્ય હકૂમતવાળા પોલીસ સ્ટેશનની ખબર ન હોય અથવા ખબર ન મળી શકે એમ હોય તો જે શહેર કે જીલ્લાના પોલીસ કમિશ્નર કે જીલ્લા પોલીસ વડા ઉપરનો હાથોહાથનો નોટીસનો બીડો લેવો.

(૩) જે વ્યક્તિ હાથોહાથનો નોટીસ બજાવવાનો બીડો કઢાવે ત્યારે તેવી વ્યક્તિ પોતે જ તે બીડો લઈને નોટીસ બજાવવા જાય તો નોટીસ વધારે સરળતાથી બજાવી શકાય.

(૪) જો વ્યક્તિનાં રહેણાંકના સ્થળ પર નોટીસ બજાવવી હોય તો તે ઘેર જયારે આવતો હોય તેવો સમય પસંદ કરીને બજવણી અર્થે જવું જોઈએ.

(૫) કોઈ વ્યક્તિ સરકારી કે અર્ધ સરકારી કે ખાનગી કંપનીમાં નોકરી કરતો હોય તો તેવી વ્યક્તિનાં ઉપરી અમલદાર મારફત પણ નોટીસ બજાવી શકાય છે.

અત્યારે એક કિસ્સો યાર કરૂં તો સવિતાનો પતિ